	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૨૨/૦૪/૨૦૨૨ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૧૨/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૭	૦	૧૩૭	૪૧૬	૦	૪૧૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૯૦	૦	૧૦૦૬૯૦	૧૦૯૫૯૪	૦	૧૦૯૫૯૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૪	૩,૨૮,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૩	૩૦૦૦/-

નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૧૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૧૬૧ લીટર દેશી દારૂ, ૮૪૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૬૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૧૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૭૧૫/૨૦૨૨**

નિકોલઃ પુષ્પાબહેન વા/ઓ રામજીભાઇ પંચાલ (ઉ.વ.૬૪) (રહે. ખોડીયાર જ્યોત સોસાયટી ડાયમંડ મીલ પાછળ નિકોલ) તા.૨૧/૦૪/૨૦૨૨ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૪/૨૦૨૨ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે પુષ્પાબહેનના ઘરે તીજોરીનુ લોક રીપેર કરવા આવેલ બે સરદારજી જેવા પુરૂષ પુષ્પાબહેનની નજર ચુકવી તિજોરીમાંથી સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.વી.પીપરોતર ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૭૧૬/૨૦૨૨**

સાબરમતીઃ અવિનાશભાઇ જીવતરામ લક્ષ્મા (ઉ.વ.૨૨) (રહે. અલ્ટીમઝ એરાઇઝ નામની નવી બનતી સાઇટની લેબર કોલોની પરમેશ્વર-૦૭ ની બાજુમાં ચાંદખેડા) તા.૨૦/૦૪/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે સાબરમતી ત્રાગડગામ વન આંગણ નામની નવી બનતી સ્કિમ ખાતે પાંચમા માળે કામ કરતા હતા ત્યારે પગ લપસી જતા પાંચમા માળેથી બીજા માળે સેફ્ટી માટે લગાડેલ નેટ ઉપર પડેલ અને ત્યાંથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને ગોતા લાઇફલાઇન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૦૪/૨૦૨૨ કલાક ૧/૫૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિહ વિજયસિહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૭૧૭/૨૦૨૨**

વસ્ત્રાપુરઃ સ્નેહલભાઇ રજનીકાંતભાઇ ઠાકોર (ઉ.વ.૪૭) (રહે. એદન પાર્ક સોસાયટી લાલભાઇ સેન્ટર સામે મણીનગર પુર્વ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૪/૨૦૨૨ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે એસ.જી.હાઇવે ગ્રાન્ડ ભગવતી હોટલ સામે જીંજર હોટલ રૂમ નંબર-૨૦૪ ખાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ શ્રી હિરેનભાઇ ચલાવે છે.

શહેરકોટડાઃ અરૂણભાઇ સ/ઓ મુન્નાભાઇ દંતાણી (ઉ.વ.૧૭) (રહે. વિજયમીલ ઔડાના મકાન નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૪/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ શ્રી વી.પી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.